પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૯ | ૨૦ એપ્રિલ, ૨૦૨૨, બુધવાર; ચૈત્ર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# “હું તમારો અનન્ય સાથી છું” : મોદી

## વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ બનાસકાંઠાના દિયોદર ખાતે બનાસ ડેરી સંકુલમાં બહુવિધ વિકાસ પરિયોજનાઓ રાષ્ટ્રને અર્પણ કરી : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠાના દિયોદરમાં બનાસ ડેરી સંકુલની લીધી મુલાકાત









ગાંધીનગર, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું છે કે દેશમાં કો-ઓપરેટિવ મુવમેન્ટથી આત્મનિર્ભરતાના અભિયાનને બળ મળી રહ્યું છે. દેશમાં વર્ષે સાડા આઠ લાખ કરોડ રૂપિયાનું દૂધ ઉત્પાદન થાય છે. આ મૂલ્ય ઘઉં અને ચોખાની ઉત્પાદન કિંમત કરતાં પણ વધુ છે.

તેમણે કહ્યું કે ડેરી સેક્ટરનો સૌથી વધુ લાભ નાના ખેડૂતોને મળે છે. પશુપાલન કરીને પરિવારનું પેટ ભરતા નાના ખેડૂતોની મોટી ચિંતા કરવાનું કામ સરકારે કર્યુ છે.

આવા ખેડૂતોને વર્ષમાં ૩ વાર બે-બે હજાર રૂપિયા સીધા જ તેમના બેંક ખાતામાં ભારત સરકાર આપે છે તેની પણ પ્રધાનમંત્રીએ વિગતો આપી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાસ ડેરીના વિવિધ બહુહેતુક પ્લાન્ટ્સના લોકાર્પણ અને ખાતમહૂર્ત પ્રસંગે ખેડૂતો-પશુપાલકોને સંબોધન કરતા કહ્યું કે ‘‘હું તમારો અનન્ય સાથી છું અને તમારી પડખે રહી કામ કરવા માગું છું.’’

વડાપ્રધાને બનાસકાંઠાના દિયોદર ખાતે બનાસ ડેરી સંકુલમાં બહુવિધ વિકાસની પરિયોજનાઓ રાષ્ટ્રને અર્પણ કરી, વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાને બનાસકાંઠાના દિયોદરમાં બનાસ ડેરી સંકુલની મુલાકાત પણ લીધી હતી.

આ તકે વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે બનાસ ડેરીના પ્રકલ્પોના લાભ સોમનાથની ધરતી ગુજરાતથી જગન્નાથની ધરતી ઓરિસ્સા સુધીના પશુપાલકોને મળી રહ્યા છે. ઉત્તર ગુજરાતની સહકારી ક્ષેત્રની બનાસ ડેરીએ ઓછા વરસાદવાળા જિલ્લા બનાસકાંઠામાં કાંકરેજી ગાય, મહેસાણી ભેંસ અને બટાટા ઉત્પાદનથી લોકોની તકદીર બદલવાનું સફળ મોડેલ પૂરું પાડ્યું છે.

વડાપ્રધાનએ જણાવ્યું કે લોકલ પ્રોડક્ટને ગ્લોબલ બનાવવા સ્થાનિક ખેડૂતોની આવક વધારવા અન્ય સંશાધનોનો પણ ઉપયોગ થઈ શકે તે બનાસ ડેરીએ સિદ્ધ કર્યુ છે.

બનાસકાંઠાના ખેડૂતોએ મધ ઉછેર વ્યવસાય અપનાવી સ્વીટ રિવોલ્યુશનમાં સહભાગીતા કરી છે તેનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાને કહ્યું કે મગફળી અને સરસવમાંથી ખાદ્યતેલ બનાવવાના પ્લાન્ટથી અહિના ખેડૂતો ખાદ્યતેલ ક્ષેત્રે આત્મનિર્ભરતા જોડી છે.

બનાસ ડેરીના બાયો સી.એન.જી. અને ગોબર ગેસ પ્લાન્ટનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આ પ્લાન્ટ કચરામાંથી કંચન બનાવશે. તેનાથી સ્વસ્થતા અને સ્વચ્છતાના સંકલ્પ સાકાર થશે, પશુપાલકોને ગોબરધનમાંથી રૂપિયા મળશે, ખેડૂતોને જૈવિક ખાતર મળશે અને લોકોને વીજળી-ઊર્જા મળશે. આ મોડેલ આખા દેશમાં પહોંચે તે આવશ્યક છે તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે ઉમેર્યું કે બનાસકાંઠાના લોકો જેને સમજી-સ્વીકારી લે તેને ક્યારેય છોડે નહીં. ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવી પાણીની અછત વચ્ચે ઉત્કૃષ્ટ ખેતી કરતા અહીંના ખેડૂતોએ આ વાત સાબિત કરી બતાવી છે.

પ્રધાનમંત્રીએ આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે જિલ્લાદીઠ ૭૫ તળાવના નિર્માણ દ્વારા વરસાદી પાણીના સંગ્રહ-સંચય કરી ધરતી માતાને અમૃતમય બનાવવાનું આહવાન કર્યું હતું.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે વિકાસ-જનકલ્યાણ માટેના અનેક માર્ગ હોય છે. સીમાદર્શન, રણોત્સવ, જેવા પ્રકલ્પોથી ટુરિઝમ ક્ષેત્રે રાજ્યના સરહદી જિલ્લાઓનો વિકાસ કર્યો છે, ગામડાઓને આર્થિક રીતે ધમધમતા કર્યા છે.

પ્રધાનમંત્રીએ આ પ્રસંગે રાજ્ય સરકારના વિદ્યા સમીક્ષા કેન્દ્રની આધુનિક સુવિધાઓ અને તેનાથી રાજ્યના શિક્ષણ ક્ષેત્રે આવેલા પરિવર્તનોનો સવિશેષ ઉલ્લેખ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# યુક્રેન સેનાને શરણાગતિ માટે રશિયાએ ગંભીર ચેતવણી આપી

## એપ્રિલના પ્રથમ સપ્તાહમાં પાછો સળવળાટ : રશિયાએ કહ્યું કે આ અંતિમ ચેતવણી છે જો હજી પણ તમે સમર્પણ નહિ કરો તો જીવતા નહિ બચી શકો

મોસ્કો,તા.૧૯

નાટોમાં સ્થાન મેળવવની જીદને કારણે રશિયા અને યુક્રેન વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધમાં એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ઓટ આવ્યા બાદ ફરી હવે ઉંચા વમળો ઉડી રહ્યાં છે. યુક્રેને રશિયાના એક મોટા સમુદ્રી જહાજને તોડી પાડવા હવે પુતિન સમગ્ર મોરચે યુક્રેન સામે લડી લેવા તૈયાર છે.

રશિયન સેનાએ ચેતવણી આપતા યુક્રેનની સેનાને પોતાના હથિયાર નીચે મુકીને સરેન્ડર કરવાની અંતિમ ચેતવણી આપી છે. રશિયાએ કહ્યું કે આ અંતિમ ચેતવણી છે જો હજી પણ તમે સમર્પણ નહિ કરો તો જીવતા નહિ બચી શકો. સમાચાર એજન્સી એએફપીએના અહેવાલ અનુસાર રશિયન ડિફેન્સ મિનિસ્ટરીએ યુક્રેનિયન સૈનિકોને આખરી ચેતવણી આપી છે કે તેઓ કબજે કરાયેલા મારિયોપોલ શહેરને બચાવવાનો, ફરી પરત મેળવવાનો પ્રયાસ કરી રહ્યાં છે, તેઓ પ્રતિકાર કરવાનું બંધ કરે.

રશિયન સંરક્ષણ પ્રધાન યુક્રેનની રાજધાની કીવને કરેલ એક સંબોધનમાં કહ્યું કે તમારા સૈનિકોને કહો હથિયાર નીચે મુકી દે. આદેશ આપો કે બિનજરૂરી પ્રતિકાર બંધ કરે.

આ સિવાય અંતિમ અલ્ટીમેટમ આપતા તેમણે કહ્યું કે જો મારિયોપોલને બચાવવા લડી રહેલ તમામ સૈનિકો બપોર ૦૯.૦૦ જીએમટી સુધીમાં તેમના હથિયારો નીચે મૂકે તો તેઓ "ચોક્કસપણે જીવિત" રહી શકશે.

આ અગાઉ એવા અહેવાલ અનુસાર યુક્રેનની રાજધાની કીવમાં અધિકારીઓએ કહ્યું હતું કે રશિયાએ પૂર્વી યુક્રેનમાં મોટો હુમલો શરૂ કરી દીધો છે. રાજધાની કીવને કબજે કરવામાં નિષ્ફળ ગયા પછી હવે રશિયન હુમલાના નવા તબક્કાની શરૂઆત થઈ છે.

# પ્રશાંત કિશોર ત્રણ દિવસમાં બીજી વખત સોનિયા ગાંધીને મળ્યા

નવી દિલ્હી,તા.૧૯

કોંગ્રેસ આગામી લોકસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તેને લઈને પાર્ટીના અધ્યક્ષ સોનિયા ગાંધીના આવાસ પર શનિવારે હાઈલેવલ મીટિંગ થઈ હતી. જેમાં ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર પણ હાજર રહ્યા હતા. તેમણે ૨૦૨૪માં યોજાનારી સામાન્ય ચૂંટણીઓ વિશે પ્રેઝન્ટેશન આપ્યું હતું. ત્યારબાદ પ્રશાંત કિશોર સોમવારે પણ ૧૦ જનપથ પર યોજાયેલી મીટિંગમાં સામેલ થયા હતા. જણાવી દઈએ કે પ્રશાંત કિશોર ૩ દિવસમાં બીજી વખત કોંગ્રેસના ટોચના નેતાઓને મળ્યા છે.

સોમવારે કોંગ્રેસના મોટા નેતાઓની ૫ કલાક સુધી બેઠક ચાલી હતી. તેમાં પ્રિયંકા ગાંધી, અંબિકા સોની, પી ચિદમ્બરમ, જયરામ રમેશ, કેસી વેણુગોપાલ અને રણદીપ સુરજેવાલા સામેલ હતા. પ્રશાંત કિશોર પણ બેઠકમાં હાજર રહ્યા હતા.

કોંગ્રેસ દ્વારા પ્રશાંત કિશોરને પાર્ટીમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

# રાજસ્થાનમાં પીકઅપ વાન પલટી જતાં એક જ પરિવારના ૧૦નાં મોત

ઝુંઝુનુ ,તા.૧૯

રાજસ્થાનના ઝુંઝુનુ જિલ્લાના ગુડા ગૌડજીમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુઆંક વધીને ૧૦ થઈ ગયો છે. બીડીકે હોસ્પિટલમાં દાખલ બે ઘાયલોના સારવાર દરમિયાન મોત થયા છે. મૃતકના મૃતદેહને મોર્ચરીમાં રાખવામાં આવ્યો છે. એડીએમ જેપી ગૌર અને સીએમએચઓ ડૉ. સીએલ ગુર્જર બીડીકે હોસ્પિટલ પહોંચ્યા છે. બીજી તરફ મુખ્યમંત્રી અશોક ગેહલોતે ટ્વીટ કરીને આ દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે.

તેમણે કહ્યું છે કે, ’ઝુંઝુનુના ગુડા ગૌરજી વિસ્તારમાં માર્ગ અકસ્માતમાં ૧૦ લોકોના મોત ખૂબ જ દુઃખદ છે. શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે મારી ઊંડી સંવેદના, ભગવાન તેમને આ નુકસાન સહન કરવાની શક્તિ આપે અને મૃતકની આત્માને શાંતિ આપે. દુર્ઘટનામાં ઘાયલ થયેલા લોકોના જલ્દી સ્વસ્થ થવાની કામના.




# ચીને લદ્દાખના હોટ સ્પ્રિંગ વિસ્તાર નજીક ત્રણ સેલફોન ટાવર લગાવ્યા

નવી દિલ્હી,તા.૧૯



એક તરફ જ્યાં વિશ્વ યુક્રેન યુદ્ધથી પરેશાન છે, ત્યારે ચીન આ તમામ બાબતોને નકારીને ભારતીય સરહદ પાસે પોતાનું નાપાક ષડયંત્ર રચવામાં વ્યસ્ત છે. લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે લગભગ બે વર્ષથી તણાવ ચાલી રહ્યો છે. વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર બંને દેશોની સેના સામસામે છે. દરમિયાન, એવા અહેવાલો છે કે ચીને લદ્દાખના હોટ સ્પ્રિંગ વિસ્તાર નજીક ત્રણ સેલફોન ટાવર લગાવ્યા છે. એવું માનવામાં આવે છે કે ચીન આ વિસ્તારમાં પોતાની સૈન્ય પકડ મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

ચીનની આ કાર્યવાહીની જાણકારી પશુપાલકો દ્વારા આપવામાં આવી છે જેઓ તેમના પશુઓને ચરાવીને પરત લાવી રહ્યા હતા. લદ્દાખ ઓટોનોમસ હિલ કાઉન્સિલમાં ચુસુલ બોર્ડરનું પ્રતિનિધિત્વ કરતા નોચોક સ્તાનજિને કહ્યું કે આટલા દૂરના

● અનુસંધાન પાન-૭ પર

# માઈકનો અવાજ જે-તે પરિસર સુધી સીમિત રાખવા યોગીનો કડક આદેશ

નવી દિલ્હી,તા.૧૯

દેશનાં પાટનગર દિલ્હીના જહાંગીરપુરીમાં બનેલી ઘટના બાદ યુપીને એલર્ટ કરી દેવામાં આવ્યું છે. યોગી સરકારે પરવાનગી વિના ધાર્મિક શોભાયાત્રા કે જુલૂસની સાથે પરિસર સુધી જ માઈકનો અવાજ રાખવાનો આદેશ આપ્યો છે.

યુપીના સીએમ યોગીએ આદેશ આપ્યો છે કે, તેમની ધાર્મિક વિચારધારા અનુસાર દરેકને તેમની પૂજા પદ્ધતિને અનુસરવાની સ્વતંત્રતા છે. માઈકનો ઉપયોગ કરી શકાય છે, પરંતુ માઈકનો અવાજ ધાર્મિક પરિસરમાંથી બહાર ન આવે તેનું ધ્યાન રાખવું જોઈએ. માઈકના અવાજથી અન્યને અસુવિધા ન પડે તેનું ધ્યાન રાખવુ જરુરી છે. આસિવાય નવી જગ્યાઓ પર માઈક લગાવવાની મંજુરી ન આપો.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



સ્વ. ધનજીભાઈ દેવાભાઈ પરમાર
પવિત્ર આત્માની અમર યાત્રા
તા. ૧૦-૨-૧૯૫૫ થી તા. ૨૦-૪-૨૦૨૧

સુખને કદી છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં, સદાય હસતો ચહેરો રાખી કાયમી લીધી વિદાય, પ્રભુ આપના સદ્‌ગત આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના..

ગં.સ્વ. હંસાબેન ધનજીભાઈ પરમાર (પત્ની)
ઉત્સવ ધનજીભાઈ પરમાર (પુત્ર)
આકાશ ધનજીભાઈ પરમાર (પુત્ર)
રશ્મિ ધનજીભાઈ પરમાર (પુત્રી)
રમેશભાઈ દેવાભાઈ પરમાર (ભાઈ)
અને સમગ્ર પરીવાર
M.: 9723367947